# પાટણમાં ખોરાક-ઔષધ નિયમન તંત્રનો દરોડો

અમદાવાદ, તા.૬

કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્રને ખાનગી રીતે મળેલ માહિતી મુજબ મે.આરતી મેડીકલ એજન્સી, મેઘ પ્લાઝા, દુકાન નં.૮, ૧લી માળ, વારાહી ચકલા, પાટણની પેઢીના માલિક રમેશભાઈ મોદી દ્વારા કોડીન યુક્ત સીરપનું ગેરકાયદેસર ખાનગીમાં વેચાણ થાય છે. આ માહિતી ના આધારે ગાંધીનગરના અધિકારીઓ તથા મદદનીશ કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાટણની કચેરીના અધઈકારી દ્વારા મે.આરતી મેડીકલ એજન્સીના ધંધાના સ્થળે તથા પેડીના માલીકના રહેઠાણ ઓચીંતો દરોડો પાડવામાં આવ્યો હતો, એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે.

તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી જુદી જુદી બ્રાન્ડ નેઈમ દવાઓ વેચાણ અર્થે રાખવામાં આવેલ જોવા મળી હતી. તે દવાની કુલ ૧૧૧૨ દવાની બોટલોનો જથ્થો જપ્ત કરાયો છે. તેમજ અન્ય કોડીન ઘટક તત્વ વગરની જુદી જુદી દવાઓ જેવી કે ટેબ્લેટ, સીરપ તથા ઈન્જેકશન કેટેગરીની દવાઓ પણ જપ્ત કરાઈ છે.

સમગ્ર તપાસ દરમ્યાન અંદાજિત કિંમત આશરે ૬,૧૮,૧૦૦નો જથ્થો જપ્ત કરાયો છે. આ અંગે કાયદેસરની કાર્યવાહીને ધ્યાને રાખીને આગળની તપાસની કાર્યવાહી ચાલુ છે. તેમજ તપાસ દરમ્યાન ૧૪ દવાઓના નમુના પૃથ્થકરણ માટે લઈ ખોરાક અન્ ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે ચકાસણી અર્થે મોકલી આપેલ છે. આ બાબતે આગળની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરાશે તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.



માલપુર માર્કેટયાર્ડમાં રાજ્ય સરકારે જાહેર કરેલ ટેકાના ભાવે મગફળી ખરીદીનું કેન્દ્ર સાબરકાંઠા જિલ્લા સ.ખ.વે.સંઘના સહકારથી ચાલુ થતા માલપુર માર્કેટયાર્ડ મગફળીથી ઉભરાયું હતું. માર્કેટયાર્ડના ચેરમેન જશુભાઈ પટેલ અને સેક્રેટરી કાળુસિંહ પરમારની સીધી દેખરેખ હેઠળ મગફળી વેચાણ અર્થે આવતા ખડૂતોને ચા પાણીની સગવડ પૂરી પાડતા અને ટેકાના ભાવે ખરીદી થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. માલપુર, મેઘરજ, મોડાસા, ધનસુરા તથા મહિસાગર અને પંચમહાલ જિલ્લાઓ રાજસ્થાનના ખેડૂતો પણ મગફળી વેચાણ અર્થે માલપુર માર્કેટયાર્ડમાં પહોંચતા રોજની ૫૦ થી ૬૦ જેટલા વાહનોની લાઈન લાગે છે. ખેડૂતો દ્વારા માલપુર માર્કેટયાર્ડમાં અપાતી સુવિધાથી આનંદ છવાયો હતો.

# તલોદના શહેરી વિસ્તારમાં સેવાસેતુ કેમ્પમાં ૬૭૮ અરજદારોની રજૂઆત

તલોદ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે પ્રાથમિક શાળામાં સોમવારે તલોદ પાલિકા વિસ્તારનો સેવાસેતુ કેમ્પ યોજાઈ ગયો. રાજ્ય સરકારના અભિગમ અંતર્ગત આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમવારે સવારે ૯ થી સાંજના ૫ દરમ્યાનના સમયગાળામાં જયસિંહજી ચૌહાણ, જિલ્લાના યુવા ઉપપ્રમુખ કૌશલભાઈ ગજ્જર, પાલિકા પ્રમુખ રંજનબેન પટેલ, તથા તમામ પાલિકાના પદઅધિકારીઓ ઉપસ્થિત રહી તમામ સુવિધાઓનો સરળતાપૂર્વક લાભો મળે તેવી વ્યવસ્થા જાળવી હતી. તલોદ સ્ટેશન પ્રાથમિક શાળામાં યોજાયેલા આ કેમ્પમાં વિવિધ સરકારની યોજના કામગીરીની સુવિધા પુરી પાડવામાં આવી હતી.

આ કેમ્પમાં વહેલી સવારથી જ ભારે ધસારો અરજદારોનો જોવા મળ્યો હતો. જેમાં સરકારની જનધન યોજના સંદર્ભે બેંકમાં ખાતા ખોલવા માટે જરૂરી એવા ફોર્મની પણ અછત વર્તાઈ હતી. કલાકો સુધી લાંબી કતારમાં ઉભેલા ગ્રાહકોમાં આક્રોશની



અવિરતપણે ચાલેલા આ કેમ્પમાં કુલ ૬૭૮ જેટલા અરજદારોએ વિનામુલ્યે લાભ લીધો હતો. આ કેમ્પમાં સાબરકાંઠા જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે મુલાકાત લઈ સંપૂર્ણપણે કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્યના પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, પૂર્વ શિક્ષણ મંત્રી જેવી ૧૯ જેટલી સરકારની આવશ્યકતા અનુસારના દાખલા અને લાભોપૂરા પાડવાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાતિઆવક અને ડોમોસરીના દાખલા તથા આધારકાર્ડ, રેશનકાર્ડ, મા અમૃતમ, જનધન યોજના, સિનિયર સિટીઝન, દિવ્યાંગતા, જન્મ-મરણના દાખલા લાગણી પણ અનુભવી હતી.

આવા સેવાકિય કેમ્પોનું આયોજન પણ આગામી માસમાં ફરીથી કરવા મામલતદાર કચેરીએ જણાવાયું હતું. સરકાર દ્વારા સેવા સેતુ કેમ્પ સરળતાથી અને ઝડપી કામગીરી ઘર આંગણે થતા સૌ કોઈએ આવકારી હતી.

# પાલનપુરમાં દલિતોએ ધર્મ પરિવર્તનનો રાહ અપનાવ્યો

પાલનપુર, તા.૬

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વડાપ્રધાનના આગમન ટાંણે દલિત અત્યાચારનું ભૂત અમીરગઢ તાલુકાના કરજા ગામમાં બનેલા દલિત અત્યાચારના દલિત સમુદાયમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતાં. ત્યારે ફરી એકવાર ચકચાર મચી જવા પામી હતી. જો કે, ૨૦૦ થી વધુ દલિતો ધર્મ પરિવર્તન કરશે તેવો દાવો ખોટો ઠર્યો હતો. અને સોએક જણાએ જ ધર્મ



ફરીએકવાર ધુણ્યું છે. આજે પાલનપુર ખાતે દલિત અત્યાચારના મામલે દલિતોએ ધર્મ પરિવર્તનનો રાહ અપનાવ્યો હતો.

ઉના દલિત અત્યાચાર બાદ સરહદી બનાસકાંઠા જિલ્લાના વડાપ્રધાનના આગમન ટાણે દલિત અત્યાચારનો મુદ્દો સળવળ્યો છે. જેમાં આજે ડો. આંબેડકર નિર્વાણ દિને બનાસકાંઠા જિલ્લાના ૨૦૦ જેટલા દલિતો બૌદ્ધ ધર્મ સ્વીકારી ધર્મ પરિવર્તન કરવાનું એલાન કરતા પરિવર્તન કર્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુરના માલણ દરવાજા પાસે આવેલા રામદેવપીરના મંદીરમાં દલિતો બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા આવી પહોંચ્યા હતા.

# માલપુર સરકારી ગોડાઉનમાંથી ચોખાના કટ્ટા ઉઠાવી જનાર ગેંગ ઝડપાઈ

## ૫ આરોપીઓ જેલના સળીયા પાછળ ધકેલાયા : રવિવારે રાત્રે ચોરીની ઘટનાને અંજામ આપ્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે આવેલી સરકારી ગોડાઉનમાંથી રવિવારની રાત્રી દરમિયાન શટરનું તાળુ તોડી ૮ કટ્ટા ચોખાના ચોરી લુંટારૂ ગેંગ ફરાર થઈ ગઈ હતી. સોમવારે મોડી રાત્રે ગોડાઉન મેનેજરે ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે ચોખાના કટ્ટા ઉપાડી જનાર ગેંગના ૫ શખ્સોને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

માલપુર પોલીસ સ્ટેશન નજીક આવેલા સરકારી ગોડાઉનમાં રવિવારની રાત્રી દરમ્યાન સરકારી અનાજના ગોડાઉનની પાછળની ઓફીસ ખોલી તીજોરીમાં રાખેલ અનાજના ગોડાઉનની ચાવીઓ કાઢી ચોખાના ગોડાઉનનું શટર ખોલી તેમાં રાખેલી બોરીઓ પૈકીની આઠ ચોખાની બોરી કુલ ૪૦૦ કિગ્રા ચોખા કિંમત રૂ. ૧૨૦૦૦ની ચોરી થતા સોમવારે ગોડાઉનના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

રવિવારે રાત્રે ગોડાઉનમાં ચોરી થવા છતાં ગોડાઉન મેનેજરે



સોમવારે રાત્રીએ પોલીસ ફરિયાદ નોંધાવતા અનેક તર્કવિતર્ક પેદા થયા હતા. માલપુર પોલીસે ગોડાઉનના કર્મચારી મનહરકુમાર રામજીભાઈ મેણાત (હાલ રહે. માલપુર સરકારી ગોડાઉન, તા. માલપુર)ની ફરિયાદના આધારે સક્રિય કામગીરી હાથ ધરી ગોડાઉનમાંથી ૮ કટ્ટાની ચોરીની લૂંટની ઘટનાને અંજામ આપનાર શખ્સો ગજેન્દ્રસીંહ માનસીંહ દેવડા (રહે. માલપુર, અરવલ્લી), જબ્બરસીંહ ઉર્ફે જસપાલસિંહ કેશરીસીંહ ચમાર (રહે. અંબા, તા. પોરચા, જી. મોરેના, મધ્યપ્રદેશ), દશરથસીંહ દયારામ કુશ્વા (રહે. પીપરઈ, જી. મોરેના મધ્યપ્રદેશ), પ્રહલાદસિંહ ભગવાનસીંહ ચૌહાણ (રહે. પીપરાઈ, જી. મોરેના મધ્યપ્રદેશ) અને બલવીરસીંહ સુખલાલ ચૌહાણ (રહે. પીપરાઈ જી, મોરેના, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડી ચોરેલા ચોખાના કટ્ટાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## માલપુર સરકારી ગોડાઉનમાં ચોખાના કટ્ટા ચોરનાર ગેંગના ૪ શખ્સો મધ્યપ્રદેશના

માલપુર સરકારી ગોડાઉનમાંથી રવિવારે રાત્રે ચોરી થયેલા ૮ કટ્ટાની ઘટનામાં માલપુર પોલીસે પાંચ શખ્સોની ધરકપકડ કરી હતી. જેમાં એક શખ્સ માલપુર ગામનો સ્થાનિક તેમજ ચાર શખ્સો મધ્યપ્રદેશનાને દબોચી લેવાયા હતા. ત્યારે માલપુર પોલીસતંત્ર દ્વારા આ શખ્સો સાથે કડકાઈથી અને સઘ્નાઈપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવે તો અરવલ્લી જિલ્લા તદઉપરાંત આજુબાજુના ૩ જિલ્લાઓમાં થયેલી ઘરફોડ ચોરીઓમાં આ ગેંગની સક્રિય ભૂમિકા હતી કે નહિ તે જાણવા માલપુરના ગ્રામજનો ઉત્સુક બન્યા હતા. અરવલ્લી જિલ્લામાં ઘરફોડીયા ગેંગે હાહાકાર મચાવ્યો છે અને પોલીસ પકડથી દૂર છે ત્યારે મધ્યપ્રદેશની ધાડપાડુ લુંટને અંજામ આપતી ગેંગ ઝડપાતા અન્ય ગુન્હા ઉકેલાય તો નવાઈ નહિ.

# અરવલ્લી - સાબરકાંઠામાં હોમગાર્ડ-ડેની ઉજવણી



મોડાસા તા.૬

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં પ્રભાત ફેરી સહિતના વિવિધ કાર્યક્રમો યોજીને હોમ ગાર્ડ-ડે ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બંને જિલ્લાના અલગ અલગ કાર્યક્રમોમાં હોમગાર્ડના અધિકારીઓ, જિલ્લા હોમ ગાર્ડ કમાન્ડન્ટ, કમાન્ડિંગ ઓફિસર અને હોમગાર્ડના જવાનો જોડાયા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે પણ આજરોજ હોમ ગાર્ડ -ડે ની ઉજવણી કરતા આ નિમિત્તે મોડાસામાં નીકળેલી પ્રભાત ફેરીમાં જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ અને નાયબ પોલીસ અધિક્ષક વી.એસ.ચૌહાણ, સબ ઈન્સપેક્ટર તથા ઈન્સટ્રક્ટર કે.કે. ચૌહાણ તથા કમાન્ડિંગ ઓફિસર દિનેશભાઈ ડી. પટેલ અને હોમગાર્ડનના જવાનો વગેરે જોડાયા હતા.

પ્રભાતફેરી સંપન્ન થયા પછી મોડાસાની હોમગાર્ડ યુનિટ કચેરી ખાતે બેટી બચાવો, વૃક્ષારોપણ, સ્વચ્છ ભારત, વૃક્ષો બચાવો અને સાક્ષરતા અભિયાનના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

# ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીયસ્તરે નિમણુંક

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ અખિલ ભારતીય વિશ્વકર્મા વંસજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને રાષ્ટ્રીય કાર્યકારીણીમાં સમાવી પ્રભારી મંત્રી તરીકે સર્વાનુમતે નિયુક્ત કરાયા છે. દેશના જુદા જુદા રાજ્યોના ડેલીગેટ્સોની ઉપસ્થિતિમાં હાલમાં દિલ્હી ખાતે અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનનું એક રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતુ. જેમાં ઉત્તરપ્રદેશ, હરિયાણા, હિમાચલપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર તેમજ નવી દિલ્હી અને ગુજરાત સહીત ૧૩ પ્રતિનિધિઓની રાષ્ટ્રીય કાર્યકારીણી સમિતિ માટે વરણી કરાઈ હતી. આ ૧૩ પ્રતિનિધિઓમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને પણ સમાવાયા છે.



ઠાકોર મિસ્ત્રી સુથાર ગુજરાત નામની સંસ્થાની નોંધણી કરાવી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી જેવી જ્ઞાતિઓમાં વહેંચાયેલા સમાજને સંગઠીત કરવા છેલ્લા ૨૩ વર્ષથી સતત પ્રયત્નશીલ છે અને તેઓએ જ્ઞાતિજનોને સરકારની યોજનાઓ તથા બક્ષીપંચનો લાભ પણ અપાવ્યો છે. તેઓની નિમણુંકથી સુથાર સમાજ ગુજરાતના પદાધિકારીઓ તથા સુથાર જ્ઞાતિઓમાં આનંદની લાગણી વ્યાપી છે.

સુથાર જ્ઞાતિની આ રાષ્ટ્રીય સ્તરની સંસ્થાનો હેતુ જ્ઞાતિજનોના જુદા જુદા વર્ગોનો ભેદ સમાપ્ત કરી સમગ્ર દેશના વિશ્વકર્મા બંધુઓને એક મંચ પર લાવવાનો અને તેમાં જાગૃતિ કેળવી સામાજીક, શૈક્ષણિક, આર્થિક તેમજ રાજનૈતિક દિશામાં વિકાસ કરવાનો છે.

# પટેલ સમાજ અમદાવાદ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૬

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદાર પટેલના સંતાનો માટે જ સમાજના આગેવનો દ્વારા અમદાવાદમાં જીવનસાથી પસંદગી સમારોહ તા. ૧૧ થી ૨૧મી ડીસેમ્બરના રોજ વિના મુલ્યે સવારે ૯ વાગ્યાથી અમદાવાદમાં યોજાશે. ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ તેમજ દિવ્યાંગ ઉમેદવારો ભાગ લઈ શકશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેમણે બાયોડેટા સાથે રૂબરૂ મળવું પસંદગી મેળાનું સ્થળ આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫ ખાતે રહેશે. વધુ માહિતી માટે સમાજના પ્રમુખશ્રીનો મો. ૯૪૨૮૨ ૩૦૭૨૬ ઉપર સંપર્ક કરવો.

# સેવા સેતુમાં પારદર્શિતા સાથે એકજ સ્થળે પ્રશ્નોના ત્વરીત નિકાલથી નગરજનો ખુશખુશાલ

## શહેરી સેવા સેતુના બીજા દિવસે વિજાપુર ખાતે ૬૮૨ શહેરીજનોએ લાભ લીધો

મહેસાણા

રાજ્યના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારના પ્રજાભિમુખ નવતર અભિગમ એવા શહેરી સેવા સેતુ કાર્યક્રમના બીજા દિવસે આજે મહેસાણા જિલ્લાના બે શહેરી વિસ્તારો વિજાપુર અને ઉંઝા નગરપાલીકાના વિસ્તારોમાં જિલ્લાના કલેકટર એસ કે લાંધાના માર્ગદર્શન અંતર્ગત યોજાયો હતો.

વિજાપુર નગરપાલીકાના પ્રાંગણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૬૮૨ જેટલા લાભાર્થી ઉમટી પડયા હતા. તે પૈકીના તમામ લાભાર્થીઓને તેમની જરુરીયાતના મુખ્ય મંત્રી અમૃતમ યોજના, આધાર કાર્ડ, નવા જનધન યોજનાના બેંક ખાતાઓ, વિકલાંગતાના પ્રમાણપત્રો, વારસાઈ સંબંધીત દાખલાઓ, ડીઝીટલી કેસલેસ ટ્રાન્ઝેકશન માટેના માર્ગદર્શન અને તેના મોબાઈલ ઉપકરણો થકી ખાતાઓ ખોલી આપી ગણમાન?ય બેંકોના અધિકારીઓએ અરજદારોને કેસલેસ ટ્રાન્ઝેકશન માટે યોગ્ય



માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કર્યા હતા. શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેસાણા જિલ્લા કલેકટર એસ કે લાંઘાએ જણાવ્યું હતું કે, સરકારે શહેરી વિસ્તારોના માનવીઓની વ્યથાને વાચા આપી સાચા અર્થમાં સરકાર મા બાપ બની તેમની રોજબરોજની મુશકેલીઓને નિવારવા શહેરી વિસ્તારના સેવાસેતુ કાર્યક્રમની આ નવતર અભિગમ સાથે શરૂઆત કરાવી છે. શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં ઉમટી પડતી જન મેદની આ સરકારના પ્રયત્નોની સફળતા દર્શાવે છે તેમ જણાવ્યુ હતું. આમ અરજદારને નાના નાના પ્રશ્નો માટે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી કચેરીઓમાં જવા ને બદલે એકજ સ્થળે તેમના પ્રશ્નનોને વાચા મળે છે. આમ સરકાર શહેરી નાગરીકોના દ્વારે આવીને તેમના વ્યક્તિગત પ્રશ્નો નિકાલ કરી રહી છે. શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં શહેરી નાગરીકોને તેમના ડાયાબીટીશ, બ્લડપ્રેશર વગેરેની વિના મુલ્યે ચકાસણી કરી આપવામાં આવી રહી છે. વિજાપુર ખાતેના આ શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં સ્થળ પર જ જિલ્લાની સંબંધીત કચેરીઓ દ્વારા અરજદારો પાસેથી અરજીઓ મેળવીને તેમને ન્યાય અપાયો હતો. અરજદારોને આવક, જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્રને લગતા દાખલાઓ, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડમાં નામ નોંધાવવાની અરજીઓ, મા અમૃતમ યોજના અને મા વાત્સલય કાર્ડની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા સહિતની વિવિધ વ્યક્તિલક્ષી લાભ માટેની અરજીઓ મળી હતી તે તમામને પુરતો ન્યાય આપવામાં આવ્યો હતો.

# અમદાવાદ અંધજન મંડળમાં દિવ્યાંગ રોજગાર મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૬

અંધજન મંડળ વસ્ત્રાપુર આયોજીત નેશનલ હેન્ડિકેપ્ટ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા અમદાવાદ ખાતે વિકલાંગ વ્યક્તિઓ માટે રોજગાર મેળાનું આયોજન કરાયું છે.

રોજગાર મેળો તા. ૯મી ડિસેમ્બર ૨૦૧૬ને સવારે ૧૦થી ૨ કલાક સુધી સ્થળ બિલ્ડીંગ નં. ૮, ઓડીટોરિયમ, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ ખાતે યોજાશે. આ મેળામાં ભાગ લેવા ઈચ્છુકોએ રોજગાર અધિકારી, ૦૭૯-૨૬૩૦-૨૦૫૨, ૯૪૨૭૫-૨૬૩૮૧ અથવા E-Mail-:- bparojgarguj@gmail.com પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઉપરાંત રીટેલ હોસ્પિટાલીટી, ડેટા એન્ટ્રી, કોલ સેન્ટર, પેકેઝીંગ-લિફ્ટ ઓપરેટર લેબર વર્કર અને ઓફિસવર્ક માટે નોકરી દાતાઓ અને નોકરી ઈચ્છુકને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યુંછે.